HackensackUMC Pascack Valley Medical Center

## નાણાકીય સહાય નીતિ

### અમલી તારીખ: જાન્યુઆરી 1, 2017

**નીતિ / સિદ્ધાંતો**

HackensackUMC Pascack Valley મેડિકલ સેન્ટર ("સંસ્થા")ની એ નીતિ છે કે તે સંસ્થાની સંકટકાલીન સુખસગવડો પૂરી કરવાની બાબતમાં અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડવામાં સામાજિકપણે ન્યાયોચિત પ્રણાલી સુનિશ્ચિત કરે. આ નીતિ એવા દર્દીઓની નાણાકીય સહાયતાની પાત્રતાને સંબોધવા માટે વિશિષ્ટ રીતે યોજનાબદ્ધ કરવામાં આવી છે કે જેઓને નાણાકીય સહાયની જરૂર હોય અને સંસ્થા તરફથી સંભાળ પ્રાપ્ત કરી રહ્યા હોય.

1. તમામ નાણાકીય સહાય લોકહિત પ્રત્યે અમારી પ્રતિબદ્ધતાને, ગરીબીમાં તેમજ અન્ય નિર્બળ પરિસ્થિતિઓમાં રહેતા વ્યક્તિઓ પ્રત્યેની અમારી વિશેષ ફિકરને, તેમજ સાથોસાથ સંરક્ષણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને લક્ષમાં લેશે.

2. આ નીતિ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સંકટકાલીન અને અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ બાબતે લાગુ પડે છે, કે જેમાં નિયોજિત તબીબી સેવાઓ અને આચરણીય સ્વાસ્થ્યનો સમાવેશ થાય છે. આ નીતિ વૈકલ્પિક કાર્યવાહીઓ અથવા અન્ય સંભાળ માટેની ચુકવણીની વ્યવસ્થાઓ અથવા અન્ય સંભાળ માટે લાગુ નહીં પડે કે જે કાં તો સંકટકાલીન સંભાળ અથવા અન્યથા તબીબી રીતે જરૂરી સંભાળ ન કહી શકાય.

3. નાણાકીય સહાયની નીતિ દ્વારા આવરી લેવામાં આવેલી પ્રદાતાઓની સૂચિ એવા કોઈ પણ સંસ્થાની સુખસગવડો અંતર્ગત સંભાળ પૂરી પાડતા પ્રદાતાઓની સૂચિ પૂરી પાડે છે કે જે એ સ્પષ્ટતા કરે છે કે કઈ-કઈ સુખસગવડોને નાણાકીય સહાયની નીતિ દ્વારા આવરી લેવામાં આવે છે અને એવી કઈ-કઈ સુખસગવડો છે કે જેને આવરી લેવામાં આવતી નથી.

**વ્યાખ્યાઓ:**

આ નીતિ હેતુઓસર, નીચે મુજબની વ્યાખ્યાઓ લાગુ પડે છે:

- "501(r)"નો અર્થ ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r) અને તે હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવેલ નિયમનો.

- **"અમાઉન્ટ જનરલિ બિલ્ડ"** (સામાન્યપણે ભરતિયાંની રકમ) અથવા **"AGB"**નો અર્થ, સંકટકાલીન અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ સાથે સંબંધિત એ રકમ કે જે એવા વ્યક્તિઓને બિલ કરવામાં આવે છે કે જેમની પાસે આવી સંભાળ આવરી લેવા માટે વીમો હોય.
- **"કમ્યૂનિટિ" (સમુદાય)નો અર્થ ન્યૂ જર્સી રાજ્યનો ભૌગોલિક વિસ્તાર**
- •**"ઇમર્જન્સી કૅર" (સંકટકાલીન સંભાળ)**નો અર્થ, પ્રસૂતિની વેદના અથવા એવી તીવ્રતાભરી તબીબી સ્થિતિ કે તાત્કાલિક તબીબી ધ્યાનની અનુપસ્થિતિથી કદાચ સામાન્યપણે એવી ધારણા બાંધી શકાય કે તે દર્દી (અથવા અજન્મેલ બાળક)નું સ્વાસ્થ્ય ગંભીર રીતે સંકટમાં મૂકાવવામાં પરિણમે શકે છે, શારીરિક કાર્યમાં ગંભીર હાનિ પહોંચી શકે છે અથવા કોઈ પણ શારીરિક અવયવ અથવા ભાગમાં ગંભીર તકલીફ પહોંચી શકે છે.
- **"મેડિકલી નેસસરી કૅઅર"** (તબીબી રીતે જરૂરી સંભાળ)નો અર્થ એવી સંભાળ કે જે દાખલ કરતા તબીબની સલાહ પ્રમાણે એક પરવાનેદાર તબીબ દ્વારા નૈદાનિક યોગ્યતા નક્કી કર્યા પછીથી લેવામાં આવતી સંભાળ કે જે તબીબી રીતે જરૂરી હોવા માટે નિર્ધારિત હોય.
- ''ઑર્ગનિઝેશન''નો અર્થ HackensackUMC Pascack Valley મેડિકલ સેન્ટર.
- ''પેશન્ટ'' (દર્દી)નો અર્થ એવા લોકો કે જે સંસ્થામાં સંકટકાલીન અથવા તબીબી રીતે જરૂરી સંભાળ પ્રાપ્ત કરી રહ્યા હોય અને એ વ્યક્તિ કે જે દર્દીની સંભાળ માટે નાણાકીય રીતે જવાબદાર હોય.

## પૂરી પાડવામાં આવેલી નાણાકીય સહાય

1. જે દર્દીઓની આવક ફેડરલ પૉવર્ટી લેવલ (સમવાયી ગરીબી સ્તર) (''FPL'')ના 200% સમાન અથવા તેથી ઓછી હોય તેઓ એવી સેવાઓના ખર્ચના એ ભાગ પર 100% સખાવતી સંભાળ બાબતે માંડવાળ કરી શકશે કે જેમાં જો વીમાકર્તા દ્વારા નીચે મુજબની ચુકવણી માટે, જો એવી કોઈ (ચુકવણી) હોય તો, જવાબદારી લેવામાં આવી હશે.

2. જે દર્દીઓની આવક ફેડરલ પૉવર્ટી લેવલ (સમવાયી ગરીબી સ્તર) (''FPL'')ના 200%થી વધુ હોય, તો તેઓ સખાવતી સહાય માટે પાત્ર નીચે મુજબના માપદંડને આધારે જ બની શકશેઃ

Hackensack Meridian *Health*
Pascack Valley Medical Center

આવકના માપદંડો

| એચ.એચ.એસ. ગરીબી આવકની માર્ગદર્શિકાઓ ની ટકાવારી તરીકે રકમ | ખર્ચની ટકાવારી દર્દી દ્વારા ચૂકવવામાં આવેલી રકમ |
|---|---|
| 200%થી ઓછી અથવા તે સમાન | 0% |
| 200%થી વધારે પરંતુ 225%થી ઓછી અથવા તે સમાન | 20% |
| 225%થી વધુ પરંતુ 250%થી ઓછી અથવા તે સમાન | 40% |
| 250%થી વધુ પરંતુ 275%થી ઓછી અથવા તે સમાન | 60% |
| 275%થી વધુ પરંતુ 300%થી ઓછી અથવા તે સમાન | 80% |
| 300%થી વધુ | 100% |

3. જો 20%થી 80% સ્લાઇડિંગ ફી સ્કેલ (દર્દીની આવકના પરિબળ પર આધારિત તબીબી ખર્ચ અનુસાર માપદંડ)વાળા દર્દીઓને પોતાની કુલ વાર્ષિક આવક (એટલે કે, અન્ય પક્ષો દ્વારા ન ચૂકવાયેલાં ભરતિયાં)ના 30% જેટલી અતિરિક્ત પાત્ર વીમા દ્વારા ભરપાઈ ન થઈ શકે તેવી રકમ ચૂકવવા માટે જવાબદાર ગણવામાં આવે, તો આ 30%ની અતિરિક્ત રકમને હૉસ્પિટલ સંભાળની ચુકવણીની સહાય તરીકે લેખવામાં આવી જોઈએ.
4. નાણાકીય સહાયતા માટેની પાત્રતાને આવક ચક્રમાં કોઈ પણ તબક્કે નક્કી કરી શકાય છે અને તેમાં પાત્રતા નક્કી કરવા માટે સંભવિત ગણતરીના ઉપયોગનો પણ સમાવેશ થઈ શકે છે પછી ભલે પછી નાણાકીય સહાય અરજી (“એફ.એ.પી. ઍપ્લિકેશન”)ને પૂર્ણ કરવામાં અરજદાર નિષ્ફળ રહ્યા હોય તો પણ.
5. જે નાણાકીય જરૂરિયાત માટે દર્દી જવાબદાર હોય તેવી કોઈ પણ બાકી રકમ માટે નાણાકીય સહાય માટેની પાત્રતાને નક્કી કરવી જ જોઈએ.

## સખાવતી સંભાળ કાર્યક્રમઃ

- ધ ન્યૂ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ (ન્યૂ જર્સીની હૉસ્પિટલની સંભાળની ચુકવણી કરવા માટેની સહાયતાનો કાર્યક્રમ) (ચેરિટી કેર સહાય) એક એવી વિના મૂલ્યની અથવા ઘટાડેલા ખર્ચે લેવાતી સંભાળ છે કે જે એવા દર્દીઓને પૂરી પાડવામાં આવે છે કે જેઓ સમગ્ર ન્યૂ જર્સી રાજ્યમાં દવાખાનામાં દાખલ થઈને અને દવાખાનામાં દાખલ થયા વિના સેવાઓ પ્રાપ્ત કરે છે. હૉસ્પિટલ સહાય અને ઘટાડેલા ખર્ચે સંભાળ માત્ર જરૂરી હૉસ્પિટલની સંભાળ માટે જ ઉપલબ્ધ છે. કેટલીક સેવાઓ જેમ કે તબીબી મહેનતાણું, ઍનિસ્થીઝિયોલૉજિ (શસ્ત્રક્રિયા દરમિયાન દુખાવા પ્રત્યે સંવેદનહીનતા પેદા કરવા માટે

અપાતી દવા કે અન્ય તબીબી હસ્તક્ષેપની પ્રક્રિયાનું શાસ્ત્ર) મહેનતાણું, રેડિયોલૉજિ (વિકિરણ ચિકિત્સાવિજ્ઞાન) મહેનતાણું, આઉટપેશન્ટ પ્રિસ્ક્રિપ્શન્સ (દવાખાનામાં દાખલ થયા વિના દવા લેવાની લેખિત સૂચના) હૉસ્પિટલના ખર્ચાઓમાંથી અલગ લેખવામાં આવે છે અને ઘટાડા માટે કદાચ પાત્ર ન બની શકે.

- હૉસ્પિટલ સંભાળની ચુકવણી માટેની સહાય માટેના ભંડોળના સ્રોતને હેલ્થ કેઅર સબ્સિડી ફન્ડ (સ્વાસ્થ્ય સંભાળ અંતર્ગત નાણાકીય મદદ માટેનું ભંડોળ) દ્વારા આપવામાં આવે છે જે પબ્લિક લૉ 1997, વિભાગ 263 હેઠળ સંચાલિત છે.

## જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર ન હોય તેમના માટે અન્ય સહાય

જે દર્દીઓ ઉપરોક્ત વર્ણવ્યા મુજબ નાણાકીય સહાય માટે પાત્ર ન હોય, તેઓ હજુ પણ સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ અન્ય પ્રકારોની સહાયતા માટે કદાચ પાત્ર બની શકે છે. સંપૂર્ણતાના હિતમાં, અહીં અન્ય પ્રકારોની સહાયને સૂચિબદ્ધ કરવામાં આવી છે, પછી ભલે તે જરૂરિયાત-આધારિત ન હોય અને તેને 501(r) ને વિષયાધિન બનાવવા માટે ઈચ્છેલ ન હોય, તેમ છતાં તેનો અહીં HackensackUMC Pascack Valley મેડિકલ સેન્ટર દ્વારા સેવા કરવામાં આવતા સમુદાયની સવલત માટે સમાવેશ કરવામાં આવ્યો છે.

1. વીમો ઉતરાવ્યા વિના દર્દીઓ કે જેઓ નાણાકીય સહાય માટે પાત્ર નથી તેઓને નીચે મુજબના માપદંડ પર આધારિત વળતરનું દર પૂરું પાડવામાં આવશેઃ
   (a) દવાખાનામાં દાખલ થઈને કરવી પડતી પદ્ધતિઓઃ મેડિકેઅર (તબીબી સંભાળ)ના દરના 100%
   (b) સંકટકાલીન વિભાગની મુલાકાતોઃ મેડિકેઅર (તબીબી સંભાળ)ના દરના 115%
   (c) સ્વૈચ્છિકપણે દવાખાનામાં દાખલ થયા વિનાના દર્દીઓઃ મેડિકેઅર (તબીબી સંભાળ)ના દરના 200%
      (i) ઑબ્સ્ટેટ્રિક્સ (ગર્ભાવસ્થાથી માંડીને બાળકના જન્મ સુધીની તબીબી દેખરેખ રાખે તે) અને સૌંદર્યપ્રસાધનની પ્રક્રિયાઓએ સ્વ-ચુકવણીના મહેનતાણાંની અનુસૂચિઓને પ્રસ્થાપિત કરી છે, અને તેથી તેઓ મેડિકેઅર (તબીબી સંભાળ) ભરપાઈ પર આધારિત દરને વિષયાધિન નથી.

## જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર છે તેમના માટેના ખર્ચાઓ પર મર્યાદાઓ

જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર છે તેઓ પાસેથી સંકટકાલીન અને અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે AGB કરતાં વધારે વ્યક્તિગત ધોરણે ખર્ચ વસૂલવામાં નહીં આવે તેમજ અન્ય તમામ જરૂરી એવી તબીબી સંભાળ માટે કુલ ખર્ચની વધારે ખર્ચ લેવામાં નહીં આવે. 501(r) અનુસાર સંસ્થા "લૂક-બૅક" પદ્ધતિનો ઉપયોગ કરીને એક અથવા વધુ એ.જી.બી.ની ટકાવારીની ગણતરી કરે છે કે જેમાં મેડિકેઅર (તબીબી સંભાળ)ની સેવા માટેનું મહેનતાણું તેમજ તમામ ખાનગી સ્વાસ્થ્ય વીમાકર્તાઓનો, કે જેઓ સંસ્થાને દાવાઓની ચુકવણી કરે છે, સમાવેશ થાય છે. એ.જી.બી.ની ગણતરીનું વર્ણન અને ટકાવારી(ઓ)ની વિના મૂલ્યે નકલને કોઈ પણ પ્રવેશ વિસ્તારમાં વિનંતી કરવા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. પોતાના ટપાલના સરનામે નકલ રવાના કરવા માટેની વિનંતી કરવા માટે દર્દીઓ (201)383-1043 પર પેશન્ટ ફાઈનૅન્શલ સર્વિસિઝ (દર્દીઓ માટેની નાણાકીય સેવાઓ) પર કૉલ કરીને મેઈલ દ્વારા AGB ની ગણતરી અને ટકાવારીની વિના મૂલ્યેની નકલ પ્રાપ્ત કરવા માટેની પણ વિનંતી કરી શકે છે.

## નાણાકીય સહાય તેમજ અન્ય સહાય માટે અરજી કરવી

દર્દી સંભવિત આંકની પાત્રતા વડે નાણાકીય સહાય માટે પાત્ર બની શકે છે અથવા તો FAP ના લાગુ પડતા નિયમને પૂર્ણ કરીને રજૂ કરવા દ્વારા નાણાકીય સહાય માટે પાત્ર બની શકે છે. FAP નો લાગુ પડતો નિયમ તેમજ FAP ને લાગુ પડતા નિયમની સૂચનાઓને સેવાના સમય દરમિયાન દર્દીની વિનંતીને આધારે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જો દર્દી સેવાના દિવસ(સો) પછી નાણાકીય સહાય માટેની અરજી કરવા ઈચ્છે, તો તે FAP નો લાગુ પડતો નિયમ તેમજ એફ.એ.પી.ને લાગુ પડતા નિયમની સૂચનાઓ અને મુદ્રિત સામગ્રીને સીધી જ HackensackUMC Pascack Valle મેડિકલ સેન્ટરની વેબસાઈટ પરથી ઉપયોગ કરી શકે છે. દર્દીઓ મેઈલ દ્વારા FAP નો લાગુ પડતો નિયમ તેમજ FAP ને લાગુ પડતા નિયમની સૂચનાઓ અંગેની નકલ મેળવવા માટે પણ વિનંતી કરી શકે છે. લિખિત પ્રમાણોની નકલને મેઈલ દ્વારા પ્રાપ્ત કરવાની વિનંતી કરવા માટે, દર્દીઓએ (201)383-1043 પર પેશન્ટ ફાઈનૅન્શલ સર્વિસિઝ (દર્દીઓ માટેની નાણાકીય સેવાઓ)ના વિભાગને કૉલ કરવો જોઈએ. ઉપરોક્ત પહોંચી શકાય તેવા પ્રત્યેક સ્થળોમાં, FAP નો લાગુ પડતો નિયમ અને FAP ના લાગુ પડતા નિયમો અંગેની સૂચનાઓ બન્ને અંગ્રેજી અને સ્પૅનિશ ભાષામાં ઉપલબ્ધ છે.

## દર્દીઓએ એકત્રિત થવા માટેની સમયરેખા — દવાખાનામાં દાખલ થયેલા અને દવાખાનામાં દાખલ ન થયેલા દર્દીઓ માટેની સેવાઓ

HackensackUMC Pascack Valley મેડિકલ સેન્ટર એવી સેવાઓ માટે ભરતિયાંના પત્રકો પૂરાં પાડે છે કે જેને વીમા (કંપની)એ દાવાની પ્રક્રિયા પૂરી કર્યા પછી આપવામાં આવી હોય, અથવા તો જે દર્દીઓ વીમો ધરાવતા નથી તેમને તાત્કાલિકપણે આપવામાં આવી હોય.

જે બાકી નીકળતી રકમો માટે દર્દીના શિરે જવાબદારી રહે છે તેમાં નીચે મુજબનો સમાવેશ થાય છેઃ

- સ્વ-ચુકવણી (વીમા વિનાનો દર્દી)
- વીમા પછી સ્વ-ચુકવણી {વીમા (કંપની)એ પોતાની જવાબદારી સંતોષકારક રીતે પૂર્ણ કરી છે, હવે બાકીની રકમની ચુકવણી દર્દીના શિરે રહેશે}
- ચેરિટી કેર (સખાવતી ટકાવારીઓ પર આધારિત વળતર મેળવીને ચૂકવવાપાત્ર ખર્ચા)
- મેડિકેઅર (તબીબી સંભાળ) પછી સ્વ-ચુકવણી {મેડિકેઅર (તબીબી સંભાળ) દ્વારા વ્યાખ્યાયિત દર્દીની જવાબદારી}

## પત્રક ચક્ર

તમામ દર્દીઓ માટે, એક વખત બાકી નીકળતી રકમ દર્દીની જવાબદારી બની જાય પછી પત્રકને લગભગ પાંચેક દિવસની અંદર મેઈલ કરવામાં આવે છે.

તમામ દર્દીઓ પાસેથી બાકી નીકળતી રકમની ઉઘરાણી કરતાં પહેલાં કુલ ભરતિયાંનું ચક્ર 120 દિવસોનું હોય છે. જો લાગુ પડે તો, એક વખત વીમા (કંપની)ને પોતાની ભૂમિકાથી સંતોષ થાય ત્યાર પછી દર્દીને પત્રક મોકલવામાં આવે છે. જો નિયત તારીખ સુધીમાં, દર્દીને શિરે આવતી જવાબદારીની પાછલી કુલ બાકી રકમને એકત્રિત કરવામાં નહીં આવે, તો દર્દી અનુગામી પત્રકોને પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે (કુલ 5 સુધી). જો ચુકવણી હજુ પણ પ્રાપ્ત ન થઈ હોય, તો હિસાબને સંગ્રહ એજન્સીમાં મોકલવામાં આવશે.

**દર્દીઓ પોતાની ચૂકવવાપાત્ર બાકી રકમ માટે પૂછપરછો કરવા માગતા હોય તેઓ કસ્ટમર સર્વિસ (ગ્રાહક સેવા) (866) 525-5557 પર કૉલ કરી શકે છે.** જે દર્દીઓ ચુકવણી કરવા માટે અસમર્થ છે તેઓ અમારી નાણાકીય સહાય કાર્યાલયનો (201) 383-1043 પર સંપર્ક કરી શકે છે.

## વિભાગના પ્રદાતાઓ કે જે હૉસ્પિટલના તંત્રમાં સંકટકાલીન અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સંભાળની સેવાઓ પૂરી પાડતા હોય

| વિભાગ/સંસ્થા/જૂથ | શું નાણાકીય સહાયની નીતિ દ્વારા આવરી લેવામાં આવેલ છે? |
|---|---|
| ઍનિસ્થીઝિયોલૉજિ (શસ્ત્રક્રિયા દરમિયાન દુખાવા પ્રત્યે સંવેદનહીનતા પેદા કરવા માટે અપાતી દવા કે અન્ય તબીબી હસ્તક્ષેપની પ્રક્રિયાનું શાસ્ત્ર) વિભાગ | ના |
| ઈમર્જન્સી મેડિસિન (ગંભીર રીતે બીમાર અથવા ઇજાગ્રસ્ત સાથે કામ કરતી તબીબી વિશેષતા) વિભાગ | ના |
| દવા વિભાગ | ના |
| ઑબ્સ્ટેટ્રિક્સ (ગર્ભાવસ્થાથી માંડીને બાળકના જન્મ સુધીની તબીબી દેખરેખ રાખે તે) અને પીડિઆટ્રિક્સ (શિશુઓ અને બાળકોના વિકાસ અને સંભાળ તથા તેમના રોગોની સારવારના નિષ્ણાત) વિભાગ | ના |
| સર્જરી (શસ્ત્રક્રિયા) વિભાગ | ના |
| રેડિયોલૉજિ (વિકિરણ ચિકિત્સાવિજ્ઞાન) વિભાગ | ના |
| કાર્ડિઓલૉજિ (હૃદય અને તેના કાર્યોના અભ્યાસનું વિજ્ઞાન) | ના |